GUJCET-2024 માટે ઓનલાઈન OMR COPY મેળવવા માટેની અરજી કરવાની સૂચનાઓ

સમયમર્યાદા: (૧૩/૦૫/૨૦૨૪ બપોરે ૧૪.૦૦ કલાકથી ૨૦/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાક સુધી)

## 1. Registration કરવાની પ્રક્રિયા

- સૌપ્રથમ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર જવું ત્યારબાદ "GUJCET-2024 OMR Copy Application" પર ક્લીક કરવું અથવા gujcet.gseb.org website open કરવી.
- OMR COPY મેળવવા માટે Registration કરવા માટે Register બટન પર ક્લીક કરવું અને Registration ફોર્મ ભરવું.
- ફોર્મમાં દર્શાવેલ તમામ વિગત ભરી Register બટન પર ક્લીક કરવું.
- Register બટન પર ક્લીક કર્યાની ૧ થી ૫ મિનિટમાં આપના દ્વારા Enter કરેલા મોબાઈલ નંબર પર OTP (એક પાંચ આંકડાનો CODE) આવશે. જેને નીચે દર્શાવેલ OTP Details માં ભરી SUBMIT કરવું.
- SUBMIT બટન પર ક્લીક કરવાથી પાસવર્ડ ENTER કરવાથી Registration ની પ્રક્રીયા પુરી થશે.

## 2. LOGIN કરી અરજી કરવાની પ્રક્રિયા.

- LOGIN બટન ક્લીક કરવાથી લોગીન ફોર્મ ખૂલશે. જેમાં આપનો SEAT NUMBER, MOBILE NUMBER અને પાસવર્ડ (કે જે આપના દ્વારા Registration દરમ્યાન ભરવામાં આવ્યો હતો.) તે Enter કરી LOGIN કરવું.
- લોગીન કરવા પર આપને આપના RESULT ની વિગતો દેખાશે. GUJCET 2024 પરીક્ષાની OMR COPY મેળવવાનું OPTION SELECT કરી OMR બારકોડ નંબર ભરવો અને Payment કરવું.
- વિદ્યાર્થી તા.૨૦/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં કોઈપણ સમયે LOGIN કરી વધારાના વિષય માટે પણ અરજી કરી શકશે. જે વિષય સામે ક્લીક કરે તેનો OMR બારકોડ નંબર ભરી, ત્યારબાદ Pay Now બટન પર ક્લીક કરી, ફી ભરીને અરજી કરવાની રહેશે. (ફરીવાર Registration પ્રક્રિયા કરવાની જરૂર નથી.)

## 3. ફી ભરવા માટેની પ્રક્રિયા(Payment કરવાની સુચનાઓ)

- ફી નો દર નીચે મુજબ છે.

1. GUJCET ની વિષયદીઠ (OMR દીઠ) OMR COPY મેળવવાની ફી રૂ.૨૦૦/-
2. કુલ ફી ઉપરાંત રૂ.૨૦/- Online Application Fee ચૂકવવાની રહેશે.

તમામ વિદ્યાર્થીઓની વિગત ભર્યા બાદ "Pay Now" ટેબ પર ક્લીક કરવાથી નીચે મુજબનું પેજ દેખાશે . ફી ઓનલાઈન અને SBI બેંક મારફતે(ઓફલાઇન) બંને રીતે ભરી શકાશે.




➢ **<u>Online payment કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>**

- આપની અનુકુળ પદ્ધતિ મુજબ ફી નું ચુકવણું કરી શકો છો. ઉપર દર્શાવ્યા પ્રમાણે Debit/Credit Card, Net Banking વગેરે દ્વારા Online Payment કરી શકાશે.
- Payment કરી Payment Receipt વાળુ પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.
- અરજી ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થાય તે પહેલા ફી નું ચુકવણું કરી દેવાનું રહેશે.
- Payment Successfully Complete થયા બાદ Receipt પર ક્લીક કરી Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

<u>પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| ક્રેડીટ કાર્ડ | કુલ રકમના ૧.૧૦% + ટેક્ષ જેટલો ટ્રાન્જેકશન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ SBI નેટ બેન્કિંગ માટે રૂ.૫ + ટેક્ષ તેમજ અન્ય બેંકથી નેટ બેન્કિંગ માટે રૂ.૮ + ટેક્ષ ચાર્જ લાગશે. |
| કેશ | ટ્રાન્ઝેક્શન દીઠ રૂ.૬૦ (GST સાથે) ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર (ટેક્ષ) GST (જે હાલ ૧૮% છે તે) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ SBI ના Net Banking થી રૂ.૨૨૦/- નું Payment કરો છો તો રૂ.૨૨૦/- + રૂ.૫/-(Transaction Charge) + રૂ.૦.૯૦(રૂ.૫/- ના ૧૮%) Tax એમ કુલ રૂ.૨૨૫.૯૦(રૂ.બસો પચીસ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.

➢ **<u>Offline payment  કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>**

- ઉપર દર્શાવેલ ઇમેજમાં દર્શાવ્યા મુજબ SBI Branch Payment પર ક્લિક કરી નામ, મોબાઇલ નંબર અને ઇમેઇલની વિગતો ભરી Pay Now પર ક્લિક કરવાથી Offline Payment કરવા માટેનું ચલણ (કેશ મેમો) સ્લીપ જનરેટ થશે.(કેશ મેમોની રકમ આપે ચુકવવાની થતી રકમ સાથે ચકાસી લેવી.)
- આ સ્લીપ SBI (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા) ની કોઇ પણ બ્રાંચ પરથી ભરી શકાશે.
- SBI દ્વારા ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૬૦ ( GST સાથે) ચાર્જ દ્વારા લેવામાં આવશે.

- અરજી કર્યાની અંતિમ તારીખ પહેલાં ચલણ ભરી દેવાનું રહેશે.
- SBI બ્રાન્ચ ભરેલ પહોંચ સાચવી રાખવાની રહેશે. તથા જરૂર જણાય ત્યારે રજૂ કરવાની રહેશે.
- Payment કર્યાના ૧ થી ૨ દિવસ બાદ લોગીન કરી આપની Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

